બીડી કામદારોના પ્રશ્નો અંગે ત્રિપક્ષી બેઠકની કાર્યવાહી નોંધ:-

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

સ્વાશ્રયી મહીલા સેવા સંઘ, અમદાવાદની બીડી કામદારોના પ્રશ્નો અંગે તા.૧૪/૧૨/૯૯ ના રોજ મા. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શ્રમ અને રોજગાર ની ચેમ્બરમાં ત્રિપક્ષી બેઠક યોજાઇ, આ બેઠકમાં સરકાર કક્ષાએ અધિકારીશ્રીઓ ''સેવા'' ના કાર્યકરોઓ તથા મહીલા બીડી કામદારોના પ્રતિનિધિઓ તેમજ બીડી ઉધોગના માલિકોના પ્રતિનિધિઓ નીચે જણાવ્યા મુજબ હાજર રહયા.

(૧) શ્રી એ.કે.પ્રધાન (આઇ.એ.એસ) — અગ્ર સચિવશ્રી શ્રમ અને રોજગાર વિભાગ
(૨) શ્રીમતિ શૈલજા.કે.પટેલ — ઉપસચિવશ્રી (શ્રમ)
(૩) શ્રી એન.એ. વ્યાસ — ડેપ્યુટી લે.કમિશ્નર,ગુજરાત રાજય
(૪) શ્રીમતિ એ.બી.પંડયા — આસી.લેબર કમિશ્નર
(૫) મનાલી શાહ — કો.ઓડીનેટર ''સેવા''
(૬) મહીલા બીડી કામદારોના પ્રતિનિધિઓ.
(૭) બીડી ઉધોગ સાથે સંકળાયેલ માલિકોના પ્રતિનિધિઓ.

આ બેઠકમાં ''સેવા'' તરફથી નીચેના મુદ્દાઓ અન્વયે રજુઆત કરવામાં આવી.

મુદ્દા નં.૧ :-

હાલમાં મહીલા બીડી કામદારોને રાજ્ય સરકારે ઠરાવેલ લઘુતમ વેતન ધારા હેઠળ મળવાપાત્ર વેતન કરતાં ઓછું વેતન મળે છે, તેથી તેઓને લઘુતમ વેતન ધારા હેઠળ વેતનની ચુકવણી કરવી જોઇએ.

મુદ્દા નં.૨ :-

મહિલા બીડી કામદારોને મળતાં વેતન પર નિયમાનુસાર પ્રોવીડન્ટ ફંડ કપાવવો જોઇએ.

માલીકોના પ્રતિનિધિ તરફથી રજુઆત કરવામાં આવી કે, હાલમાં દેશમાં બનતી બીડી ઉધોગના ઉત્પાદનના ૨ % નું પ્રમાણ ગુજરાત રાજયમાં થાય છે. ગુજરાત સરકારે નિયત કરેલા લઘુતમ વેતન દરો અન્ય રાજયોની સરખામણીમાં ઘણાં ઉંચાં છે. તેથી લઘુતમ વેતન ઘટાડવું જોઇએ. કારણ કે હાલમાં લઘુતમ વેતન ઉપરાંત કામદારોને અન્ય લાભો જેવા કે પી.એફ.કપાત, બોનસ વગેરે આપવામાં આવે તો તે માલીકો પર અસહ્ય બોજ બને છે. આ ઉધોગ બંધ થવાની પણ સંભવતા નકારી શકાય નહી.

હાલમાં બીડી ના બંડલ ની કીંમત ના પ્રમાણમાં માલીકોને લગભગ નફો નહીવત્ રહે છે.

આમ મહોલા કામદારોના પ્રતિનિધિ તથા માલિકોના પ્રતિનિધિ બંનેની રજૂઆત અન્વયે ચર્ચા કરવામાં આવી.

સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી કે હાલમાં બીડી ઉદ્યોગમાં જે મહોલા કામદારો કામગીરી કરે છે તેઓને સરકારે નક્કી કર્યા મુજબનું વેતન ચૂકવવાનું જોઈએ. મહિલા કામદારોનું શોષણ અટકાવવું જોઈએ. કામદારોને નુકશાન ન થાય અને માલીકોનું નુકશાન ન થાય તેવું કંઈક વિચારવું યોગ્ય થાય. તેથી વચ્ચેના રસ્તા તરીકે હાલમાં જે બીડી ઉદ્યોગમાં લઘુતમ વેતન ના દર બીડી બનાવવા ના ૧૦૦૦ નંગ પર આધારીત છે, તેને બદલે બીડીના નંગની સંખ્યા વધારી ૧૫૦૦ થી ૧૭૦૦ વચ્ચેની કરી શકાય જેથી કામદારોનું શોષણ અટકી શકે અને માલીકોને પણ રાહત રહે.

બેઠકના અંતે નક્કી કરવામાં આવ્યું કે (૧) મજુર કમિશ્નર કચેરીના અધિકારી મારફતે બીડી ઉદ્યોગમાં હાલમાં કેટલા ટકા જુદા જુદા ટેક્ષ સરકારશ્રી તરફથી ઉઘરાવવામાં આવે છે, તથા અમદાવાદ, પાલનપુર, ખેડા, મહેસાણામાં બીડી કારખાનાઓથી તપાસ કરી ત્યાં વેતન પ્રથા કેવી રીતે છે, વેતન કેટલું ચૂકવે છે ? તેની માહિતી હવે પછીની બેઠકમાં પહેલા રજૂ કરવી. (૨) બીડી ની કિંમત ખરેખર માલીકોને કેટલામાં પડે છે તે જાણીને જણાવવું.

હવે પછીની બેઠક તારીખ-૨૩/૧૨/૯૯ ના સવારે ૧૧-૦૦ કલાકે ના.રા.ક. મંત્રીશ્રી (શ્રમ) ની ચેમ્બરમાં રાખવાનું નક્કી કર્યું.

(શૈલજા પટેલ)
ઉપસચિવ,

---

ક્રમાંક: બીસીએ-૧૦૯૯-૪૩૧૨-મ(૩)
શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: /૧/૨૦૦૦
13 JAN 2000

નકલ રવાના:-

(૧) મજુર કમિશ્નરશ્રી,
ગુજરાત રાજ્ય,
શ્રમભવન, ખાનપુર,
અમદાવાદ.

(૨) શ્રી મનાલી શાહ, યુનિયન, કો.ઓર્ડિનેટર,
સ્વાશ્રયી મહિલા સેવા સંઘ,
વિક્ટોરીયા ગાર્ડન પાસે, ભદ્ર,
અમદાવાદ.

(૩) શ્રી કનુભાઈ પટેલ,
જીવરાજ બોડી વર્કસ,
ગોમતીપુર, અમદાવાદ-૨૧.

(૪) શ્રી સુરેશભાઈ પટેલ,
પટેલ બોડી વર્કસ,
કામદાર મેદાન, સોમેન્ટની ચાલી,
ગોમતીપુર, અમદાવાદ-૨૧.

(૫) શ્રી કનુભાઈ પટેલ,
ભગત બોડી વર્કસ,
નરોડા ગામ, અમદાવાદ.

(૬) શ્રી કુનબુદ્દીન
કપૂર બોડી વર્કસ,
દરિયાપુર, લીમડો, અમદાવાદ.

:રાણા:૨૮:૩:૨૦૦૦: